**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૧/૧૧/૨૦૧૫ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૩૫૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી ૨૩૭ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૩૬ બોટલ બિયર અને ૦૨ એક્ટીવા સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૬૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૩૫૫/૧૫**

**રામોલ :** રેહાનાબાનુ કૈશરઅલી અંસારી (ઉ.વ.૧૬)(રહે.મોમીન પાર્ક સોસાયટી, મદનીનગરની બાજુમાં, જનતાનગર, રામોલ) ને તા.૧૫/૧૧/૧૫ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી કલામઅલી હબીબઅલી શાહ ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ રેહાનાબાનુનાં પિતા કૈશરઅલી અંસારીએ તા.૧૯/૧૧/૧૫ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.પી.વસુનીયા ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૫૬/૧૫**

**સોલા હાઇકોર્ટ :** મધ્યપ્રદેશ, મેઘનગર જામ્બુઆ, થાણાઃ- નાહરપુરા ખાતે રહેતી ૧૬ વર્ષની તરૂણીએ તા.૨૦/૧૧/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજથી ચારેક માસ પહેલાં તા.૨૪/૦૬/૧૫ થી તા.૨૦/૧૦/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી દિતાભાઇ ઉનીયાભાઇ ભાભોર (રહે.બીજલપુર ચોકી, અંતવેલીયા થાણા કલ્યાણપુર જી.જામ્બુઆ મધ્યપ્રદેશ) એ ગાંધીનગર સરખેજ રોડ ઉપર આવેલ નિરમા યુનિવર્સીટી કોલેજ નજીક તરૂણી સાથે મજુરી કામ દરમ્યાન ઓળખાણ કરી, તરૂણીને પોતાની સાથે લગ્ન કરવા મજબુર કરી, છેલ્લા ચાર માસમાં અવાર-નવાર તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૫૭/૧૫**

**જી.આઇ.ડી.સી.વટવા :** અક્ષયકુમાર અરૂણભાઇ ચૌધરી (રહે.દેવદર્શન સોસાયટી, અન્નપુર્ણા હોટલની બાજુમાં, જશોદાનગર) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૧/૧૫ રાતના ૯/૩૦ થી તા.૨૦/૧૧/૧૫ સવારનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન રામોલ ચાર રસ્તા, શ્રીનાથ કોમ્પલેક્ષમાં આવેલ પોતાની શિવ શક્તિ મોબાઇલ શોપ નામની દુકાન નંબર-૪ નું શટર તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, અલગ-અલગ કંપનીનાં મોબાઇલ નંગ:-૬૫ અને રીપેરીંગ અર્થે આવેલ મોબાઇલ નંગ:-૨૦ મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.કરંગિયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૫૮/૧૫**

**બાપુનગર :** રાજનભાઇ છબીલદાસ શાહ (ઉ.વ.૫૯)(રહે.સારસ્વત ફ્લેટ, નવબાગ હિરાબાગ સોસાયટી, આંબાવાડી) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૧/૧૫ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર, અજીતમીત ચાર રસ્તા સર્કલ પાસે એક અજાણ્યો છોકરો રાજનભાઇની નજર ચુકવી તેમની ફોરવ્હીલ ગાડી માંથી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/-, મોબાઇલ ફોન અને જરૂરી દસ્તાવેજો મુકેલ પાકિટની ચોરી કરી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૨૫૯/૧૫**

**શહેરકોટડા :** વસંતભાઇ આલાભાઇ ચાવડા (ઉ.વ.૩૦)(રહે.અનીલ વકીલની ચાલી, રચના સ્કુલ રોડ, મેમ્કો) તા.૧૯/૧૧/૧૫ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે દિવેટીયા પ્રાયમસ ઉપર ચા બનાવતાં હતા દરમ્યાન પ્રાયમસમાં ભડકો થતાં, વસંતભાઇ શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દશરથભાઇ રમણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)